સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ચાડિયા વિનાનું આ ખેતર ભારતનું ભેલાય છે,
નિશ્ચિત જગ્યાઓ પર બધે 'કી-પર્સન' મેલાય છે,
ખેલાય ખેલ 'હેલન ઓફ ટ્રોય'-નો મોદી મૂર્તિથી -
ધીમે ધીમે પકડે પોંચો સંઘની પાંખો ફેલાય છે
(મધ્યપ્રદેશ સંઘનું નવું HQ)

'ત્યાગ' ભાવની
ખૂલી પોકળતાઓ -
ડાયરીમાંથી..
(મૃત્યુ નો ભય?!)

થઇ પ્રગતિ!!
'ઘર પડતાં' - હવે
દટાય ગામ..
(મહારાષ્ટ્ર હાદસો)

ચિંતન

યત્ર વિદ્વજ્જનો નાસ્તિ શ્લાઘ્ય સ્તત્રા અલ્પધીરપિ । નિરસ્તપાદયે દેશે એરંડો અપિ દ્રુમાયતે ॥

'જે વેરાન પ્રદેશ-ઉજ્જડ રણ જેવો-નિરસ પ્રદેશ હોય ત્યાં એરંડાનો નાનો છોડ પણ મોટું ઝાડ ગણાય છે. એવી જ રીતે જયાં એક પણ બુદ્ધિમાન-ડાહ્યો માણસ રહેતો ન હોય ત્યાં છો, ઓછી બુદ્ધિ હોય, પણ એવા માણસ પણ પ્રશંસાને પાત્ર બને છે અર્થાત્ વખણાય છે.'

ગુજરાતીમાં કહેવત છે કે 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન' ગામડામાં એક બ્રાહ્મણ, વૈદ્ય-શિક્ષક જેવા પોતાના ક્ષેત્રનું સામાન્ય જ્ઞાન ધરાવતાં લોકો પણ જે તે નાના ગામમાં તેના વિષયના 'જ્ઞાતા' નિષ્ણાત તરીકે પૂજાય છે.

.. અને ગામની શિસ્ત અને સૌજન્ય સાચવવા સૌ કોઇ એમની અને એમના જ્ઞાનની આમાન્યા રાખે છે. એમને કહ્યું તે 'સોનાની લકીર' એમ માને છે. તેથી જ અહીં કહ્યું છે કે રણમાં એક એરંડાનો છોડ પણ 'વૃક્ષ' ગણાય છે - નાના ગામમાં થોડું-ઘણું ભણેલો પણ પંડિત ગણાય છે. અનેક મૂર્ખમાં એકાદ અલ્પ બુદ્ધિવાળો પણ બુદ્ધિમાન માનવામાં આવે છે.

સુવિચાર

- ત્યાં સુધી મને મશ્કરીનો ભય લાગ્યા કર્યો જયાં સુધી મારી જાત ઉપર મેં હસવાનું શીખી ન લીધું **- ચાર્લી ચેપ્લીન**
- જે જાણે છે, અને જાણે છે કે, તે જાણે છે, તે કેડી પાડનાર છે તેને અનુસરો **- ઉમર ખય્યામ**
- જ્ઞાનને પેલે પાર જે પડ્યું છે એ વિશેનું અજ્ઞાન એ જ જ્ઞાન, જ્ઞાન હંમેશા અપૂર્ણ હોય છે **- રમણ મહર્ષિ**
- આપણી જ્ઞાનની અલ્પતાનો ક્રમે ક્રમે ખ્યાલ આવે તેનું નામ કેળવણી **- વિલ ડુરાં**
- તમે શું મેળવ્યું તેના પરથી નહીં પણ તેના પરથી તમારી સફળતા મપાય છે **- સ્વેટ મોર્ડન**
- માણસનું ચારીત્ર્ય તે કોની સોબત રાખે છે તેના પરથી તથા તે કોની સોબત ટાળે છે તેના પરથી અંકાતું હોય છે **- સંત એલીન**
- સફળતાનું રહસ્ય શું છે? 'સાચા નિર્ણયો..' સાચા નિર્ણયો શી રીતે લેશો? અનુભવના આધારે.. તમને અનુભવ ક્યારે મળે..? 'ખોટા નિર્ણયો લેવાથી' **- એસ.એમ.એસ.**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

માન-અપમાન, સુખ-દુઃખનાં સ્મરણ-શબ્દોના આઘાત, ગરીબી-અમીરી બધું આપણે આપણા મનમાં ભરી રાખી દુઃખી થઇએ છીએ. સાચો સંત આ ક્ષણમાં સુખેથી જીવે છે ગઇકાલ કે આવતીકાલની એને કોઇ ચિંતા નથી..

રાજા એ એક સંતને મહેલમાં રહેવા અને થોડા દિવસ સત્સંગનો લાભ આપવા વિનંતી કરી. સાધુ તો બે લંગોટી લઇ મહેલમાં રહેવા આવી ગયા. સુંદર પોષાક, પકવાન, મિષ્ઠાનના ભોજન અને રાત્રે એક કલાક સત્સંગનો ક્રમ ગોઠવાઇ ગયો.

રાણીઓ અને દરબારીઓ સેવા કરી થાક્યા. કંટાળ્યા - વાત રાજાને કાને પહોંચી. 'સાધુડો જવાનું નામ નથી લેતો.' રાજાએ યુક્તિ શોધી. હવે આપણે બંને જંગલમાં, તમારા ધૂણે રહેવા જઇએ..

સાધુ તો વડલા નીચે ધૂણે બેસી ગયા ફરી ફળફુલ ખાઇ નિશ્ચિંત રહેવા લાગ્યા. રાજા બેચેન હતો કંઇ ફાવતું નો'તું - ઊંઘ આવે નહીં.

અંતે રાજાએ સંતને પુછ્યું મહેલમાં અને વનમાં તમને કંઇ ફરક નથી લાગતો? તમને અહીં કેમ ગમે છે?

સંત કહે - હું મહેલમાં હતો ત્યારે ય મારા મનમાં મહેલ નો'તો વન હતું જયારે તું વનમાં આવ્યો પણ તારા મનમાંથી મહેલ જતો જ નથી એટલે દુખી છો.

Email - sureshchandrabhatt18@gmail.com

ભારત જેવા પુરૂષપ્રધાન દેશમાં લગ્ન અને છૂટાછેડા બાબતે પુરૂષોની સરખામણીએ સ્ત્રીઓને જ વધારે સહન કરવાનું આવે છે

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ



આપણા દેશના રીત-રિવાજોની દુનિયા કંઇક અલગ જ છે. લગ્ન જેવી સામાજિક વ્યવસ્થા તો દુનિયાના મોટા ભાગના દેશોમાં પ્રચલિત છે. જો કે હવે પશ્ચિમના ઘણાં દેશોમાં લોકો લગ્નનાં બંધનોમાં બંધાવાને બદલે લિવ - ઇન રિલેશનશિપમાં માને છે. હવે તો આપણા દેશમાં પણ લિવ - ઇન રિલેશનશિપને કાયદેસરની માન્યતા આપવામાં આવી છે. લગ્નને એક પવિત્ર બંધન તરીકે આપણે સ્વીકાર્યું છે. આપણા દેશમાં પણ લગ્નનો કાયદો ધર્મ અને સામાજિક રિવાજો પર આધારિત છે. જે તે ધર્મના વ્યક્તિને જે તે ધર્મના રિવાજો લાગુ પડે છે. વિધર્મી લગ્નોમાં ઘણીવાર કાયદાકીય ગૂંચ ઊભી થાય છે.

કોઇ પણ ધર્મના વ્યક્તિ માટે લગ્ન અને છૂટાછેડા અંગેની માન્યતા અને માનસિકતા સરખી જ હોય છે. જુદા જુદા રાજય કે પ્રાંતમાં વસતા વ્યક્તિઓમાં થોડે ઘણે અંગે વૈચારિક અસમાનતા જોવા મળતી હશે, પરંતુ તેમાં બહુ તફાવત હોતો નથી. ભારત જેવા પુરૂષપ્રધાન દેશમાં લગ્ન અને છૂટાછેડા બાબતે પુરૂષોની સરખામણીએ સ્ત્રીઓને જ વધારે સહન કરવાનું આવે છે. છૂટાછેડાવાળી સ્ત્રીને માટે કુંવારો વર મળવો મુશ્કેલ છે. જયારે છૂટાછેડાવાળા પુરૂષોને કુંવારી અને ઘણીવાર તો નાની ઉંમરની કન્યા પણ ઝડપથી મળી જાય છે. બે કે ત્રણ છોકરાના બાપને પણ આપણા સમાજમાં કુંવારી કન્યાઓ મળ્યાના દાખલા અનેકવાર જોવા મળે છે. તેના માટે સ્ત્રીઓ પ્રત્યેની આપણી દૃષ્ટિ અને માન્યતા જવાબદાર છે.

કુટુંબનો વારસ મેળવવાની લાલસામાં ભારત દેશમાં સ્ત્રી જાતિની ભૃણહત્યા ખૂબ જ વધી ગઇ છે, જેના કારણે દિવસે ને દિવસે સ્ત્રીઓની સંખ્યા ઘટતી જાય છે. પરિણામે દરેક જ્ઞાતિમાં વરના પ્રમાણમાં કન્યાઓની સંખ્યા ઓછી જોવા મળે છે. દિવસે ને દિવસે પુરૂષોની સંખ્યા વધતી હોવાથી સ્ત્રીઓનું મહત્ત્વ વધતું જાય છે. આ ઉપરાંત યુવકોની સરખામણીએ યુવતીઓનું એજ્યુકેશન પણ વધ્યું છે. એક રીતે સમાજમાં સ્ત્રીઓનું મહત્ત્વ વધવાની નિશાની સારી કહી શકાય, પરંતુ તેના કારણોનાં ઊંડાણમાં જઇએ તો તે યોગ્ય નથી. પુરૂષોને સ્ત્રીઓ પ્રત્યેનો અભિગમ બદલાયો હોય અને તેઓ સ્ત્રીઓને પુરૂષ સમોવડી માનતા હોય તો તે તંદુરસ્ત નિશાની કહેવાય.

અત્રી અને રૂપાલી બંને બેસ્ટ ફ્રેન્ડ હતી. બંને એક જ કોલેજમાં ભણતી હતી અને બંનેએ સાથે જ ગ્રેજ્યુએશન પૂરું કર્યું હતું. રૂપાલી શાંત અને સૌમ્ય સ્વભાવની હતી. જયારે અત્રી એકદમ બોલકી અને સ્વતંત્ર મિજાજની હતી. બંનેનું એક કોમન ફ્રેન્ડ સર્કલ પણ હતું. ગ્રેજ્યુએશન કર્યા પછી એક એન.જી.ઓ.માં રૂપાલીને જોબ મળી ગઇ. અત્રીને હજુ આગળ ભણવું હતું. તેનએ ઇન્ટિરીઅર ડિઝાઇનના કોર્ષમાં એડમિશન લીધું.

અત્રી ફ્રી બર્ડની જેમ જીવવામાં માનતી હતી. લગ્ન બાબતે તેને હજુ કશું વિચાર્યું ન હતું. તેનાં પેરેન્ટ્સે પણ તેને પોતાની લાઇફ પોતાની રીતે જીવવાની સ્વતંત્રતા આપી હતી. કોલેજના પહેલા વર્ષથી જ તેને બોયફ્રેન્ડ હતો. ઘણીવાર અત્રી રૂપાલીને બોયફ્રેન્ડ શોધી લેવો કહેતી. તેનું માનવું હતું કે લાઇફમાં આજ ઉંમર જલસા કરવાની છે. રૂપાલી પણ મોર્ડન વિચારો ધરાવતી હતી. જો કે ફક્ત લફરા કરવા માટે જ બોયફ્રેન્ડ બનાવવો તેને પસંદ ન હતો. એટલા માટે જ કોલેજકાળમાં રૂપાલીના અનેક ફ્રેન્ડ્સ હોવા છતાં એકેય બોયફ્રેન્ડ્ ન હતો. તેનાથી વિરૂદ્ધ અત્રીએ ચારેક જેટલા બોયફ્રેન્ડ્ બદલી નાખ્યા હતા. એટલું જ નહિ દરેકને સાથે મર્યાદા પણ ક્રોસ કરી દીધી હતી.

રૂપાલીના મમ્મી-પપ્પાએ યુએસએથી આવેલો તેમની જ્ઞાતિનો છોકરો બતાવ્યો. અંકિત સારું ભણેલો. હેન્ડસમ, સારું કમાતો અને યુએસ સિટીઝનછીપ ધરાવતો હતો. રૂપાલીને પણ અંકિત પસંદ આવી ગયો. બંનેની સગાઇ કરવામાં આવી. અંકિતને વધારે સજાઓ હતી નહીં એટલે તેને યુએસ પાછા જવું પડે તેમ હતું. જતાં પહેલાં બંને પક્ષોએ પરસ્પર સમજૂતીથી તેમના રજીસ્ટર મેરેજ કરી દીધા, જેથી રૂપાલીના વિઝાની પ્રોસેસ કરી શકાય. અંકિતના યુએસ ગયા પછી બે-ત્રણ દિવસે અંકિતનો રૂપાલી પર ફોન આવતો. રૂપાલી પણ તેના સાસરે થોડાક દિવસ રહેવા જતી.

આમ ધીરે ધીરે રૂપાલી તેના સાસરીયાં સાથે હળીમળી ગઇ. એક મહિના પછી અંકિતના ફોનનું પ્રમાણ ઘટી ગયું. તે ફેસબુક કે સ્કાઇપ પર પણ વાત કરતો ન હતો. સતત એક મહિના સુધી અંકિતનો પોન ન આવતા રૂપાલીએ તેની ફરિયાદ તેના સાસુ સસરાને કરી. તો તેમણે અંકિતને સમય નથી મળતો એવો તદ્દન બેજવાબદાર જવાબ આપ્યો. રૂપાલીએ મમ્મી-પપ્પાને પણ ચિંતા થવા લાગી. આમને આમ મહિનો વિતી ગયો હવે રૂપાલીએ નિર્ણય લઇ લીધો.

જેને પોતાની ભાવિ પત્નીની દરકાર ન હોય તેની સાથે વાત કરવાનો સમય મળતો ન હોય તો આ વ્યક્તિ સાથે સંબંધ રાખીને શો ફાયદો? બંને એકબીજાથી જુદા થઇ ગયા. સંબંધો હંમેશા વિશ્વાસના પાયા પર રચાતા હોય છે. જયારે કોઇ વિશ્વાસઘાત કરીને છેતરી જાય છે. ત્યારે જે આર્થિક નુકશાન થાય છે તે તો ક્યારેક ભરપાઇ થઇ જાય છે. પરંતુ દિલ પર લાગેલો ઘા હંમેશા માટે રહી જાય છે. તે ક્યારેક રુઝાતો નથી.

આ ઘટના બન્યા પછી રૂપાલીના માટે તેના પેરેન્ટ્સ બીજા છોકરા શોધવા લાગ્યા. પરંતુ તેના માટે ડિવોર્સીનું કલંક લાગેલું હોવાથી જલદીથી તેને કોઇ હા પાડતું ન હતું. આમાં રૂપાલીનો શો વાંક હતો? તેણે તો ફક્ત વિઝાની પ્રોસેસ માટે જ મેરેજ રજીસ્ટર કરાવ્યા હતા. હકીકતમાં તો તે અંકિત સાથે પતિ-પત્નીની જેમ રહી જ ન હતી. તેઓએ રજીસ્ટર મેરેજ કરાવ્યા હોવાથી તેનાથી ડિવોર્સની પ્રોસેસ પણ કરવી પડી હતી. રજીસ્ટર મેરેજ તેમની એક કરવી પડી હતી. રજીસ્ટર મેરેજ તેમની એક મોલી ભૂલ બની ગઇ હતી. પણ સમાજમાં રૂપાલીની નિર્દોષતા કોઇ સમજવા તૈયાર ન હતું.

અત્રીની પરિસ્થિતિ તેનાથી તદ્દન જુદી જ હતી. તેને જયારે તેના એકેય બોયફ્રેન્ડ સાથે ન ફાવ્યું. ત્યારે તેના પેરેન્ટ્સે તેને બતાવેલા છોકરા સાથે પરણી ગઇ. તેને લગ્ન કરવામાં તેનો ભૂતકાળ આડે આવ્યો નહીં. તમે જ વિચારો કે આ બંને બહેનપણીઓનાં કિસ્સામાં આપણે કોનો વાંક કાઢીશું?

સ્પર્ધાત્મક પરિક્ષાના યુગમાં ઉત્તમજ્ઞાન સામગ્રીનો અખૂટ સ્ત્રોત

શબ્દ સમીપે

- નટવર હેડાઉ



ભારતીય પુરાણો, વેદ, દાર્શનિક શાસ્ત્રો અને ધર્મગ્રંથોના જ્ઞાનનો સૂર્યોદય પૂર્વપરાથી વિશ્વને અજવાળતો રહ્યો છે. આજના જ્ઞાન વિસ્ફોટના યુગમાં તમામ દિશાઓમાંથી જ્ઞાન અને આધુનિક કરણનો ધસમસતો પ્રવાહ વહી રહ્યો છે. આવા સમયે પણ આપણે ભારતીય વારસો આ પ્રવાહો સામે નિર્મળ જ્ઞાન સાગર બનીને હિલોળા દઇ રહ્યો છે. આપણા રાષ્ટ્રનો મૂળ સ્વભાવ જ એવો છે કે, જે પ્રાચીન પરંપરાઓ સાથે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખીને નવા દૃષ્ટિકોણ, નવી તરાહો સાથે તાદાત્મય સાધી લે છે. આ તાદાત્મય દ્વારા ભારત આજે પુનઃજ્ઞાન, વિજ્ઞાન અને આર્થિક ક્ષેત્રે અગ્રણી બનવા જઇ રહ્યું છે.

ભારતના આ પ્રાચીન વારસાના રહસ્યો પરથી પડદો ઊંચકાયો છે અને સમગ્ર વિશ્વના લોકો ભારત તરફ મીટ માંડી રહ્યા છે કે, આપણે જ્ઞાન-વિજ્ઞાન ક્ષેત્રે ટેકનોલોજી અને વિદ્યા વિકસાવી હતી તેનો લાભ ખૂબ મોટો માનવ સમુહના ઉપયોગમાં કેવી રીતે લઇ શકાય અને આવનારી પેઢીઓનાં કલ્યાણ માટે તેનો વ્યાપ કેવી રીતે વધારી શકાય, તે બતાવવું છે. ટેકનોલોજીનો સર્વજન હિતાય ઉપયોગ કેવી રીતે થઇ શકે તેવી જાણકારી આપવાના પ્રયાસો હાથ ધરવામાં આવે તે સમયની માંગ છે.

સમયની આ માંગને પહોંચી વળવા માટે અને તેજોમય ભારતના જ્ઞાનપુંજનો પ્રકાશ આવનારી પેઢીને વિવિધ ક્ષેત્રે પડેલ અમુલ્ય ખજાનાનો પરિચય મળે અને તેના માર્ગદર્શનથી તેમનો પથ પ્રગતિમય બને તે માટે વિદ્યાભારતીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તૈયાર થયેલ એક બહુમૂલ્ય પુસ્તકની વાત આજે મારે તમને કરવી છે.

જીવ, જગત અને જગદીશના જ્ઞાનનો સ્ત્રોત એટલે 'તેજોમય ભારત' આ પુસ્તકમાંથી પસાર થતાં કુલ ૧૦ પ્રકરણોમાં આપણને ભારતની આધ્યાત્મિકતા, વિજ્ઞાનમય, નૈતિક, સમર્થ, સમરસ, સાહિત્યિક અને કલામય ભારત ભૂમિના પૂણ્યમય અખંડ જ્ઞાનપુંજના દર્શન થાય છે.

પ્રથમ પ્રકરણ પુણ્ય ભૂમિ ભારતમાં ભારતની ભૌગોલિક સીમાઓ, પવિત્ર નદીઓ, જ્ઞાન પર્વતો, સાત મોક્ષદાયિની નગરીઓ, પાંચ સરોવર, દ્વાદશ જયોતિર્લિંગ, ચાર ધામ, શક્તિપીઠો અને ભારતીય ઉત્સવો વિષે ખુબ વિગતે સરળ ભાષામાં અને રંગીન ચિત્રો નકશાઓ તેમજ તસ્વીરો સાથે માહિતી પ્રધાન વિગતો આપવામાં આવી છે. તેમજ આપણો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસો ટકાવી રાખવામાં જેમણે ભૂમિકા ભજવી છે તેવા સંતો અને દિવ્ય મહાપુરૂષોથી વાચકોને પરિચિત કરાવવાનો સુંદર પ્રયાસ થયો છે. જેમાં આપણને આદ્ય શંકરાચાર્ય, તિરુવલ્લુર, ઝૂલેલાલ બલવેશ્વર, સંત જ્ઞાનેશ્વર, ચૈતન્ય મહાપ્રભુ, કબીર, નરસિંહ મહેતા, સંત તુલસીદાસ, સંત રવિદાસ, રસખાન, મીરાબાઇ, સંત મેકરણ, સંત શ્રી જલારામ, ગંગાસતી, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, મહર્ષિ રમણ, શ્રીરંગ અવધૂત, પૂજ્ય મોટા જેવા દિવ્યાત્માઓના ટૂંકો છતાં ખુબ સસોર પરિચય અપાયો છે.

બીજું પ્રકરણ આધ્યાત્મિક ભારત અંગેનું છે. તેમાં આપણને આધ્યાત્મિક સ્પષ્ટતા, આધ્યાત્મ અને એકાત્મકતા, સમાજ અને રાષ્ટ્ર વ્યવસ્થામાં આધ્યાત્મનું અધિષ્ઠાન અંગેની માહિતી તો પ્રાપ્ત થાય જ છે. સાથે સાથે ભારતીય જીવન દર્શન અને જીવન શૈલીમાં એકાત્મકતા સાધી બધા પ્રાણીઓ પ્રત્યે આત્મીયતા ભાવ કઇ રીતે સ્થાપિત કરી શકાય તેના માર્ગદર્શનની સાથે ત્યાગનું મહત્ત્વ - યજ્ઞ ભાવનાની પ્રતિષ્ઠા સાથે અધિકાર નહીં કર્તવ્યનો વિચાર, પરસ્પર પૂરકતા અને ચક્રિયતા, કર્મવાદ, ચાર પુરૂષાર્થ દ્વારા જીવનનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનો વ્યાપક દૃષ્ટિકોણ અને વિશ્વ કલ્યાણની ભાવના કેળવવા માટે સમાજ અને વિશ્વ કલ્યાણની ભાવના કેળવવા માટે સમાજ અને રાષ્ટ્રની વ્યવસ્થામાં આધ્યાત્મનું અધિષ્ઠાન તે દ્વારા પરિવાર અને રાષ્ટ્ર કલ્યાણનો માર્ગ ચીંધવામાં આવ્યો છે.

અખંડ ભારત નામના ત્રીજા પ્રકરણમાં 'ભારત માતાનું દિવ્ય રૂપ' શિર્ષકવાળી આપણા પૂર્વ વડાપ્રધાન અને કવિ એવા અટલ બિહારી વાજપેયીની કવિતા સાથે ભારતીય જીવન દર્શન અને જીવન શૈલીમાં એકાત્મકતા, જીવનના લક્ષ્યની બાબતમાં સ્પષ્ટતા અને પૂર્ણતા, વ્યાપક દૃષ્ટિકોણ અને વિશ્વકલ્યાણની ભાવનાને ઉજાગર કરવામાં આવી છે.

તો વિજ્ઞાનમય ભારત નામના ચોથા પ્રકરણમાં બે વિભાગોમાં જ્ઞાનવિજ્ઞાન અને ભારતીય વિદ્યાઓ વિષે માહિતી આપવામાં આવી છે. જેમાં વિભાગ-૧ જ્ઞાન વિજ્ઞાનમાં ગણિત શાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર, શિષ્ય - સ્થાપત્ય શાસ્ત્ર, પ્રાચીન ભારતના ઉદ્યોગો, વનસ્પતિશાસ્ત્ર અંગે માહિતી સાથે ભારતનું વિશ્વને શું પ્રદાન રહ્યું છે. તે જાળવાણાટે છે. તો વિભાગ-૨માં ભારતીય વિદ્યાઓ જેવી કે કૃષિવિદ્યા, ધનુર્વિદ્યા, નૌકાવિદ્યા, રસાયણવિદ્યા, વસ્ત્રવિદ્યા, યોગ વિદ્યા, ધાતુવિદ્યા, આયુવિદ્યા, ખગોળવિદ્યાનો પરિચય મળે એછે. સાથે તેમાં વિદ્યાપુરૂષોએ આપેલ અમૂલ્ય યોગદાન અને શોદોની વિસ્તૃત આધારભૂત વિગતો પણ પ્રાપ્ત થાય છે. જેમાં ગણીતશાસ્ત્રી 'ભાસ્કરાચાર્ય' નાં 'લીલાવતી' બીજગણિતનો ગ્રંથ હોય કે શ્રીનિવાસ રામાનુજન આયંગરની 'નોટ બુક્સ' મહર્ષિ કણાદે વૈશેષિક દર્શનમાં આપેલ અણુ-પરમાણું અંગેની અમૂલ્ય ભેટ સાથે ઋગ્વેદમાં જેનો ઉલ્લેખ 'અનશ્વરથ' તરીકે થયો છે તે મોટરગાડીની વાત કે પછી વિમાનના ઉદ્ભવના મૂળ સુધી લઇ જતા પ્રાચીન પુસ્તકોમાં મળતા સંદર્ભોને ટાંકીને માત્ર પુષ્પક વિમાન નહીં પણ ૨૫ પ્રકારના વિમાનોની વાતો, મહાભારત સાથે સંકળાયેલ દૂરદર્શન અને આકાશવાણી, સાગર સેતુ બનાવવામાં વાનર જાતિના બે કુશળ ઇજનેરો નલ અને નીલથી લઇને વર્તમાન ભારતના સર્વોચ્ચ એન્જિનિયર ભારત રત્ન વિશ્વેશ્વરૈયા અંગે જાણવા મળે છે. તે ઉપરાંત ભારતનાં ઉદ્યોગો, બરફ બનાવવાની પ્રક્રિયા, અંગકોરવાટનું સ્થાપત્ય, મોહં-જો-દરો, અજંતા ઇલોરાની ગુફાઓ, વિઠ્ઠલ મંદિરનું સ્થાપત્ય, શણના ઉપયોગથી હિન્દુસ્તાની કાગળનું નિર્માણ, ભારતનાં ચૂનો બનાવવાની પદ્ધતિ, અને સ્ટેમસેલ (બીજ કોશિકા) હોય કે ખગોલમાં બ્રહ્માંડનું રહસ્ય એ બધું ખૂબ સરળ ભાષાં અહીં આપણે મળે છે.

જ્ઞાનપુંજ ભારત એ પાંચમું પ્રકરણ છે તેમાં પ્રાચીન શિક્ષણ વ્યવસ્થા, શિક્ષાણ પ્રણાલી, અભ્યાસક્રમ, મુલ્યાંકન, પ્રાચીન શિક્ષણ વિદ્યાપીઠો અને શિક્ષણ શાસ્ત્રીઓ અંગેનું છે. તેમાં આપણી ગુરૂકુળ પરંપરાનો ખ્યાલ આપવામાં આવ્યો છે. પ્રાચીન શિક્ષણ પ્રણાલીમાં સંવાદ, પ્રશ્નોતરી, કંથનનું મહત્ત્વ અને પુસ્તક લક્ષી નહીં પણ જીવન લક્ષી અભ્યાસક્રમના વિષયો અંગે આપણી જાણી શકીએ છીએ. મુલ્યાંકન માટે પ્રવેશ પરીક્ષા, સતત સર્વગ્રાહી મૂલ્યાંકન સાથે ઘેર જતી વખતે ગુરૂ દ્વારા થતા મૂલ્યાંકન વિશે જાણકારી મળે છે. આપણી પ્રાચીન વિદ્યાપીઠો, તક્ષશીલા, નાલંદા, કાશી, વિક્રમશિલા ઉપરાંત વલ્લભી વિદ્યાપીઠ, મિથિલા વિદ્યાપીઠષ જગબ્બા જેવી શિક્ષણ સંસ્થાઓ દ્વારા થતાં સંસ્કૃતિના ઉત્થાન અને પ્રચાર પ્રસાર વિષે પણ જાણવા મળે છે. સાચા શિક્ષણના હિમાયત કરનારા શિક્ષણના ચિંતકો, લેખકો અને કેળવણીકારોની માહિતી પણ મળે છે તેમાં મહાત્મા ગાંધીજી, રવીન્દ્રનાત ઠાકુર, મહર્ષિ અરવિંદ, સ્વામી વિવેકાનંદ, વિનોભા ભાવે, દયાનંદ સરસ્વતી, જે. કૃષ્ણમૂર્તિ, ડો. રાધાકૃષ્ણન, ગિજુભાઇ બધેકા (મૂછાળી મા), નાના ભાઇ ભટ્ટ, કાકાસાહેબ કાલેલકર વિષે વિગતો અપાઇ છે.

'નૈતિક ભારત'નામનાં છઠ્ઠા પ્રકરણમાં ભારતના મહાન નૈતિક મૂલ્યોની વાત કરવામાં આવી છે. જેમાં આજ્ઞાપાલન, ન્યાય, ધર્મપાલન, અતિથિ સત્કાર, ચારિત્ર્ય, પરંપરામાં આસ્થા અને ગૌરવ અસ્તેય, સત્ય, અહિંસા, શરણાગતની રક્ષા, સંમય પ્રમાણિકતા જેવાં મૂલ્યોનું મહત્ત્વ સમજાવ્યું છે.

'સમર્થ ભારત' એ સાતમું પ્રકરણ છે તેમાં ભારતની શક્તિઓની સાથે સંયુક્ત પરિવાર, પ્રકૃતિનું શોષણ નહિં પણ દોહન, સંસ્કૃત ભાષા, નારી પ્રત્યે દૃષ્ટિ અને સંરક્ષણ શક્તિમાં ભારતે નિર્માણ કરેલી મિસાઇલો પૃથ્વી, અગ્નિ, નાગ અને ત્રિશૂળ નો ઉલ્લેખ મળે છે અને ભારતના પરાક્રમીપૂર્વજો સમુદ્રગુપ્ત, વિક્રમાદિત્ય, મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી, ગુરૂ ગોવિંદસિંહ, પૃથ્વિરાજ ચૌહાણ, સમ્રાટ ચંદ્રગુપ્ત, પુષ્યમિત્રશૃંગ, રાજા ખારવેલ, શાલિવાહન, યશોવર્મા, રાજેન્દ્ર ચોલ, દુર્ગાદાસ છત્રસાબ અને પંજાબના સુપ્રસિદ્ધ રાજવી રણજીતસિંહ તેમજ નારીરત્નો સતિ પદ્મની, સતિ સાવિત્રી, રાણી દુર્ગાવતી, રાણી લક્ષ્મીબાઇ, મૈત્રેયી, બ્રહ્મવાહિની ગાર્ગી, સતી અનસુયા, શખરી, દેવી ઉર્મિલા, ભગિની નિવેદિતા અંગે જાણવા મળે છે તો ક્રાંતિકારીઓની મહાન પરંપરાના સ્વાતંત્ર્ય ઉપાસનાના આરાધકો તાત્યા ટોપે, ક્રાંતિવીર અજીમુલ્લા ખાન, વાસુદેવ બળવંત ફડકે, શ્યામજી કૃષ્ણ વર્મા, ચાફેકર બંધુઓ, ખુદીરામ બોઝ, સુષાભચંદ્ર બોઝ, રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લાખાન, ચંદ્રશેખર આઝાદ, મદનલાલ ધિંગરા, વીર સાવરકર, શહિદ ભગતસિંહની અમર ગાથાઓની વાત કરવામાં આવી છે.

'સમરસ ભારત' આઠમા ક્રમે પ્રકરણ છે તેમાં જાતિ, સંપ્રદાય વગેરે બાહ્ય ભિન્નતા છતાં જીવન દર્શન એક છે તેવા વિવિધતા ધરાવતાં રાજયો છતાં એક રાષ્ટ્રની વિભાવના કઇ રીતે જોવા મળે છે તે દર્શાવ્યું છે. અહીં આપણને નાનક, નરસિંહ, કબીરની સંત પરંપરાની સર્જાવેલ જીવન દર્શન અંગે માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.

'સાહિત્યિક ભારત'ની વાત નવમાં પ્રકરણમાં કરવામાં આવી છે. જેમાં વૈદિક સાહિત્યમાં ઉત્તમ સાહિત્ય ઉત્તમ સાહિત્ય રચનાર ઇતિહાસ કાલિદાસ તેના ગ્રંથો કુમાર સંભવ, રઘુવંશ, અભિજ્ઞાન શાંકુતલ, ભારવિની મહાનકૃતિ 'કિરાતાર્જુનીય', ભર્તૃહરિ અને તેના નીતિશતક, વૈરાગ્યશતક, શૃંગાર શતક, તેમજ બાણભટ્ટની કૃતિઓ 'ચંડી શતક', પાર્વતી પરિણય, મુક્તા તાહિતક અને પંડિત દડીનાં કાવ્ય દર્શન, દશકુમાર ચરિત તેમજ પંડિત કવિ મીઘની કૃતિ 'શિશુપાલ વધ' ભવભૂમિ રચિત નાટકો મહાવીર ચરિત, ઉત્તર રામચરિત અને રાજવી કવિ શુદ્રકના 'મુચ્છકટિક' વિષે વિગતે જાણવા મળે છે. હિન્દી સાહિત્ય સર્જકો પ્રેમચંદ, બંકિમચંદ્ર ચેટરજી, મહાદેવી વર્મા, શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય, મૈથિલીશરણ ગુપ્ત, મીરાંબાઇ, પ્રેમાનંદ, અખો, દલપતરામ, નર્મદ, કલાપી, રાષ્ટ્રીય શાયર મેઘાણી, ઉમાશંકર જોષી, સુંદરમ્, રામનારાયણ વિ. પાઠક, કનૈયાલાલ મુન્શી, પન્નાલાલ પટેલ, ગોવર્ધનરામ ત્રિપાઠીની તસ્વીરો સાથે પરિચય આપવામાં આવ્યો છે.

આ પુસ્તકનું છેલ્લું અને દશમા નંબરનું પ્રકરણ 'કલામય ભારત' છે. તેમાં ભારતીય ચોસઠ કલાઓનાં નામ સાથે સાથે વિશિષ્ટ કલાઓનો પરિચય જેમ કે નાટ્ય - નૃત્યકલા, ગાયન, વાદન કલા, મલ્લયુદ્ધ કલા, ચિત્રકલા, રત્નકલા, યંત્ર માતૃકા (યંત્ર નિર્માણ) અને લિપિ કર્મકલા અંગે વિગતે જાણી શકાય છે.

આ પુસ્તકની વિશેષતા એ છે કે તેમાં ગહન વિષયવસ્તુની સરળ અને અસરકારક રજૂઆત તેમજ અતૂલ્ય ભારતના જુદા જુદા ક્ષેત્રોની સારગર્ભિત વૈવિધ્યના પૂર્ણ જ્ઞાનાત્મક માહિતીનું ક્રમશઃ સુંદર નિરૂપણ છે. ભાષા સહજ અને સરળ રીતે સમજાય તેવી પ્રયોજાયી હોવાથ આજના સ્પર્ધાત્મક પરીક્ષાના યુગમાં ઉત્તમ જ્ઞાન સામગ્રીનો અખૂટ સ્ત્રોત છે. જે વિદ્યાર્થીઓને અને જ્ઞાન વાંચ્છુઓને અત્યંત ઉપયોગી અને સહાયક નિવડે તેવો છે. તેથી વિનામૂલ્ય વિપરીત થતું આ પુસ્તક ખરેખર અમૂલ્ય છે.

'તેજોમય ભારત'
વિષય - સલાહકાર : હર્ષદ પ્ર. શાહ
પ્રકાશક - ગુજરાત રાજય પાઠ્યપુસ્તક મંડળ,
'વિદ્યાયન' સેક્ટર-૧૦એ, ગાંધીનગર
કિંમત - વિના મૂલ્ય
સંવર્ધિત આવૃત્તિ - ૨૦૧૪